ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

''ખરૂ છે..! ભર ભાદરવે અષાઢી માહોલ..!!''

''ભઈ આ તો કુદરત છે અને હજુ તો ચોમાસુ છે કેમ આમ કરો છો..?!''

''હા સાહેબ હા.... ચોમાસાનો ઉત્તરાર્ધ ભાગ છે હુ જાણુ છુ પણ ૪૮-૪૮ ઈંચ વરસાદ પડ્યા બાદ પણ ઉકળાટ ઘટતો નથી એની ચિંતા છે.''

''હં... ઉકળાટ તો રહેવાનો. હજુ પણ ધરતી તરસી હોય એવુ લાગે છે ને. અને જાણે વરસાદની માંગણી ધરતીમાંથી નીકળતી હોય એવો અહેસાસ થાય છે ખરૂને..?!''

''સાચે જ ન સમજાય તેવુ વાતાવરણ છે. આનો અર્થ કદાચ એવો પણ નીકળે કે અપેક્ષાઓ વધતી જાય છે એટલે પ્રાપ્તિનો સંતોષ નથી. જે છે એનાથી વધુ જોઈએ છે. ગઈકાલે જે હતુ એનાથી આજે વધુ છે. એ ચોક્કસ છે. પણ આજે જે છે એના કરતાં વધુ આવતીકાલ માટે જોઈએ છે. આ કોયડો સાર્વત્રિક ક્ષેત્રમાં સતાવે છે. માત્ર વરસાદની વાત નથી, માત્ર વાતાવરણની વાત નથી, બધે જ આ સમસ્યા છે.''

''ઓ... હો... તમે તો ઘણી મોટી વાત કરી. જુઓને આપણાં રાજકારણમાં આ જ કથા ચાલે છે ને..?! તમે ૬૦ વર્ષમાં શું કર્યું અને તમે ૩ વર્ષમાં શું કર્યું એ દેકારાને પડકારા જ થાય છે.''

''આ તો બધા પ્રચારના ખેલ છે. આમાં આક્ષેપ કરનારનેય ખબર છે કે હું ખોટો છુ અને પ્રતિઆક્ષેપ કરનારને પણ ખબર છે કે હું ખોટો છુ અને છતાંય ખોટે ખોટી પ્રજાને ગેરમાર્ગે દોરવવાનો પ્રયાસ થાય છે.''

''ઓ..ત્તારી, એટલે આ બધુ હવામાં જ ગોળીબાર ચાલે છે..?!''

''ના ભઈ ના. સાવ હવામાં નથી. અમારાવાળા થોડાક તો પ્રામાણિક છે. થોડુક કરે, પણ સાચુ કરે અને સારૂ કરે.''

''એવી તો વાત જ ના કરશો. તમારાવાળા કરે થોડુ અને ગાજે ઝાઝુ અને અમારાવાળાને ગાજતા આવડતુ જ નથી. એટલે એવુ તારણ કાઢે કે અમારાવાળાએ કશુ કર્યું જ નથી. પણ સાચુ કહુ જે કંઈ થયુ હોય, જે કઈ કર્યું, જેટલુ પણ થયુ હોય તેનાથી પ્રજાને વાકેફ કરવી જોઈએ. ભલે વધારે ગાજી ગાજીને ન કહેવાય. બોલે તેના બોર વેચાય એવું તો આપણે ભણ્યાં જ છીએ ને..?!''

''... પણ અમે તો દસ વર્ષ ન બોલ્યાંમાં નવ ગુણનુ જ સ્મરણ કરતાં હતા..!!''

''ભાઈ રૂઢીપ્રયોગ બંને સાચા છે પરંતુ કોનો ક્યારે ક્યાં ઉપયોગ કરવો એ વિવેકનો વિષય છે અને એ વિવેક હોવો જ જોઈએ.''

''ઓ... હો... રાજકારણમાં વળી વિવેક..?!''

''હા જાહેરજીવનમાં વિચાર વિવેક, વાણી વિવેક, વર્તન વિવેક જ્યારે આવશે ત્યારે સુશાસનની વ્યાખ્યા ચરીતાર્થ કરી શકીશુ. તો જ બાપુની રામ રાજ્યની કલ્પના સાકાર થશે. એ જ આપણો મંત્ર હોવો જોઈએ. એ જ આપણો માર્ગ હોવો જોઈએ.''

- નિમિત્ત માત્ર

ગરીબ કલ્યાણ મેળાઓ સ્થગિત રખાયા

૨૦ થી ૨૨ સપ્ટેમ્બર દરમ્યાન આ મેળાઓ યોજાવાના હતા : સરકારના નિર્ણય પછી રાજકીય અટકળોને વેગ

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યભરમાં આગામી ૨૦થી ૨૨ સપ્ટેમ્બર દરમ્યાન યોજાનાર ગરીબ કલ્યાણ મેળાઓ અનિવાર્ય કારણોસર સ્થગિત કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

સરકારના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સપ્ટેમ્બરના બદલે હવે આ મેળાઓ ઓક્ટો.ના બીજા સપ્તાહમાં યોજાઈ શકે છે. દિપાવલી પર્વ પહેલાં આ મેળાઓ યોજવાની વાતને લઈ ગંભીરતાથી વિચારણા ચાલી રહી છે.

ગરીબ કલ્યાણ મેળાના સ્વરૂપમાં ફેરફાર કરતાં આ વખતે સ્વરોજગારી માટેની કીટોનું વિતરણ કરવાની બાબત પર ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત સખી મંડળ તેમજ અન્ય સેવાઓ પર ભાર મુકવાની વાત વિચારણામાં હતી.

રાજ્યમાં જે રીતે ચોમાસુ લંબાતુ જાય છે અને હાલની સ્થિતિમાં ચાલી રહેલા આંદોલનોને કારણે પણ વિરોધી સૂર મેળામાં ઉઠે તો સરકાર માટે ક્ષોભજનક સ્થિતિ ઉભી થઈ શકે તેવી વાતોને લઈ પણ આ મેળાઓ હાલ પૂરતા સ્થગિત કરવામાં આવ્યા હોવાની વાતો રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

એવી પણ ચર્ચા આ વર્તઉળોમાં ચાલે છે કે સરકાર દ્વારા જે આર્થિક અને સામાજિક મોજણીને આધાર બનાવી લાભાર્થીઓ નક્કી કરવાની વાતને લઈ તંત્ર પણ ચિંતીત જણાયુ છે કારણ કે તેના પરિણામો પર હજુ તંત્ર દ્વારા એટલી કવાયત થઈ નથી એથી પણ ખોટા લાભાર્થીને પણ લાભ થઈ જાય તેવી સ્થિતિ જોવા મળી રહી હોવાથી સરકારે તો હાલ પુરતા આ મેળાઓ સ્થગિત કરવાનો નિર્ણય કરેલ છે.

ગરીબ કલ્યાણ મેળા પહેલાં તાલુકા કક્ષાએ યોજવાની વિચારણા હતી આ પછી તે પ્રાંત કક્ષાએ યોજવાનો નિર્ણય લેવાયો હતો અને છેલ્લે જિલ્લાકક્ષાએ જ એક મેળો યોજી અને કાર્યક્રમ ઝડપથી પૂર્ણ કરવાનો નિર્ણય લેવાયો હતો. તંત્રએ તેના આયોજનને લઈ તૈયારીઓ પણ આરંભી દીધી હતી પરંતુ આજે એકાએક આ મેળાઓ સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પુનઃ પધારજો - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દિવસભરની ગુજરાતની મુલાકાત બાદ સાંજે ભાવનગર એરપોર્ટ પરથી દિલ્હી જવા રવાના થયા તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પૂર્વ મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સહિત આગેવાનોએ વિદાય આપી પુનઃ પધારવા લાગણી વ્યક્ત કરી હતી....

વડાપ્રધાને ફાફડા જલેબી અને મેથીના થેપલાંની લિજ્જત માણી

ગાંધીનગર, તા. ૧૭

એક જ સપ્તાહમાં બીજીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગરના આંગણે પધાર્યા હતા. ત્રણ વર્ષથી નવી દિલ્હીમાં વડાપ્રધાન પદની ફરજ બજાવી રહેલા નરેન્દ્ર મોદી જ્યારે પણ ગાંધીનગર આવે ત્યારે આ શહેર પ્રત્યેનો પ્રેમ જ નહીં પરંતુ અહીંની ચટાકેદાર ગુજરાતી વાનગીઓ પણ આકર્ષેછે. અને આ માટે તેઓ દર મુલાકાત વખતે શહેરના નિયત કારીગરોના હાથે બનાવેલી આ વાનગીઓની લિજ્જત માણવાનું ચુકતા નથી.

સામાન્ય રીતે સાદુ ભોજન નિયમિત લેવા જાણીતા વડાપ્રધાનની દાઢે હજુ પણ ગાંધીનગરની ચટાકેદાર વાનગીઓનો સ્વાદ વળગેલો છે. જન્મદિને ગાંધીનગર પધારેલા વડાપ્રધાને રાજભવન ખાતે સવારે નાસ્તામાં ગાંધીનગરના ખાસ કારીગરો દ્વારા બનાવેલા દૂધીના મુઠિયા, મેથીના થેપલાં અને ફાફડા-ઝલેબીની લિજ્જત માણી હતી. આ સાથે તેમણે દહીં, છુંદો, કચુંબર તથા કઢી લેવાનુ પસંદ કર્યુ હતુ. સવારના આ મનભાવન નાસ્તા બાદ તેમણે ફળાહાર કર્યો હતો. વડાપ્રધાનને પ્રિય એવી ગાંધીનગરની આ વાનગીઓ માટે આગલા દિવસે રાત્રીએ જ દર વખતના નિયત કારીગરોને રાજભવન ખાતે તેડાવી લેવાયા હતા.

રાજ્યમાં બિન-તાલિમી શિક્ષકોની સંખ્યા ૩૫૦૦થી વધુ

જિલ્લામાં ૭૦ બિન-તાલિમી શિક્ષકો જણાયા : દસ જિલ્લામાં આ બિન તાલિમી શિક્ષકોને તાલિમ માટે પ્રવેશ પાત્ર ૧ થી ૧૦ના આંકડાં : બિન તાલિમી શિક્ષકોને તાલિમ બદ્ધ કરવા રાષ્ટ્રીયયુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન એક માત્ર અધિકૃત સંસ્થા : ૩૦મી સુધી રજીસ્ટ્રેશન થશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં ૩૫૦૦થી પણ વધુ બિન-તાલિમી શિક્ષકો હાલ બાળકોને શિક્ષણ આપી રહ્યા છે. જો કે આ સંખ્યા વધુ હોવાનો પણ અંદાજ છે.

રાષ્ટ્રીયયુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન દ્વારા આવા બિન-તાલિમી શિક્ષકોને બે વર્ષની તાલિમ આપવામાં આવનાર છે. આ માટેના રજીસ્ટ્રેશનની તારીખ હવે ૩૦મી સપ્ટેમ્બર આખરી રાખવામાં આવી છે. ગઈકાલ સુધીમાં ૩૪૪૧ શિક્ષકોએ આ અંગેનું રજીસ્ટ્રેશન કરાવ્યુ હતું.

રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે માર્ચ-૨૦૧૯ સુધીમાં બિન-તાલિમી શિક્ષકો તાલિમના મેળવે તો તેમને નોકરીમાંથી રૂખસદ આપવાના કરેલા નિર્ણય પછી આ ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

આ માટે રાષ્ટ્રીય યુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન દ્વારા બે વર્ષનો ૭૨૦ કલાકનો ખાસ કોર્સ તૈયાર કરવામાં આવ્યો છે. આ માટે રૂ. ૧૨ હજાર ફી નિયત કરવામાં આવી હોવાનું સંસ્થાના રાજીવપ્રસાદે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર (દ) બેઠક પર સ્થાનિક ઉમેદવારને જ પસંદગી આપવા ભાજપમાં માગ

૪૫ ગામના કાર્યકરોની આજે ચિલોડાના રિસોર્ટમાં મળેલી બેઠકમાં ઉઠેલી માંગ : જિલ્લા નેતાગીરી ચોંકી ઉઠી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર (દ) બેઠક માટે ભાજપની પ્રદેશ નેતાગીરીએ માત્ર ને માત્ર સ્થાનિક ઉમેદવારની જ પસંદગી કરવી તેવી તીવ્ર માંગ આજે આ બેઠકના ૪૫ ગામોના અગ્રણી કાર્યકરોની બેઠકમાં રજુ થઈ હતી.

વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણી માટે પ્રદેશ ભાજપ દ્વારા નિરીક્ષકોની યાદી જાહેર થતાં જ જિલ્લામાં પક્ષીય રાજકારણ ગરમાયુ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ઉજવણી અને શુભેચ્છા પાઠવવા માટે સ્થાનિક આગેવાનોની ચિલોડા નજીક એસ.પી. રિસોર્ટમાં આ બેઠક મળી હતી જેમાં આ સૂર ઉઠતાં જ જિલ્લાની નેતાગીરી ચોંકી ઉઠી છે.

આ બેઠક પર ૩ લાખથી વધુ મતદારો નોંધાયેલા છે અને ૩૩૯ બુથો છે. ૬૪ ગ્રામ પંચાયતો અને ૩૫ પેટાપરા સહિત ૯૯ ગ્રામ્ય વિસ્તારોના મતદારો આ બેઠક પર છે. ગત ચૂંટણીમાં પણ આ બેઠક પર પ્રથમ ૧૫ રાઉન્ડ દરમ્યાન કોંગ્રેસના ઉમેદવાર ૮ હજારથી પણ વધુ મતોની સરસાઈ ધરાવતા હતા પરંતુ અમદાવાદમાં ભેળવાયેલ ચાંદખેડા-મોટેરા વિસ્તાર ખુલતાં પરિણામ પલ્ટાયુ હતુ અને તે ભાજપની તરફેણમાં આવ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠક માટે ભાજપમાં આ માંગ ઉઠતાં જ જિલ્લાની નેતાગીરી ચોંકી ઉઠી છે. જિલ્લાના આગેવાનો દૂરવાણી મારફતે અથવા તો ખાનગીમાં બોલાવી અને આગેવાનો સાથે મસલતોનો દોર ચાલુ કર્યો છે. ૨૦ થી ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન નિરીક્ષકો આવી રહ્યા છે તેના બે દિવસ પહેલાં જ ઉભી થયેલી આ સ્થિતિને પગલે જિલ્લાની નેતાગીરી ઉંઘતી અથવા તો વધુ પડતા આત્મવિશ્વાસમાં રાચતી જણાઈ છે.

આ બેઠક પર ચિલોડા-ડભોડાના પૂર્વ વિસ્તારના ૪૦ ગામો તેમજ તેના પેટા પરા સંકળાયેલા છે. જેમાં ૧૩૬ બુથ આવેલા છે અને અંદાજે દોઢ લાખ મતદારો છે.

અડાલજ વિભાગમાં ૨૪ ગામોના ૯૮ બુથો આવેલા છે જેમાં અંદાજે ૮૦ હજાર મતદારો નોંધાયેલા છે. કુલ મતદારો પૈકી ૨

● અનુસંધાન પાન-૭ પર

તાલુકા પંચાયતની રાંધેજા બેઠક અંગેની પેટા ચૂંટણીનું આજે જાહેરનામુ પ્રસિદ્ધ થશે

૮મી ઓક્ટો. મતદાન : ૨૩મી સપ્ટેમ્બર સુધીમાં ઉમેદવારી પત્ર ભરી શકાશે : બન્ને રાજકીય પક્ષો સક્રિય થયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકા પંચાયતની ખાલી પડેલી રાંધેજા બેઠક અંગેની પેટા ચૂંટણીનું આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. રાંધેજા બેઠકની પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ ૨૩ સપ્ટેમ્બર નિયત કરવામાં આવેલ છે. આ પછી ઉમેદવારી પત્રોની ચકાસણી ૨૫મી સપ્ટેમ્બરના રોજ હાથ ધરાશે. જ્યારે ૨૬-૯-૨૦૧૭એ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આ પેટા-ચૂંટણી માટે મતદાન જરૂર જણાયે ૮મી ઓક્ટો.ના રોજ યોજવામાં આવશે અને ૧૧મી ઓક્ટો.ના રોજ તેની મતગણતરી હાથ ધરવામાં આવશે. વિધાનસભાની સામાન્ય ચૂંટણી પૂર્વે યોજાઈ રહેલી આ પેટા ચૂંટણીનું રાજકીય મહત્વ સવિશેષ છે. બન્ને પક્ષો દ્વારા આ પેટા-ચૂંટણી માટેની કવાયતો હાથ ધરી દેવામાં આવી છે. હાલ તો ગૃપ બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

આ બેઠક પરનો ચૂંટણી જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે તેમ મનાઈ રહ્યુ છે. સાડા છ હજાર જેટલા મતદારો આ પેટા ચૂંટણી માટે મતદાન કરશે. બન્ને પક્ષો હાલ તો તેમની રણનીતિને લઈ ચુપકીદી સેવી રહ્યા છે.

રાંધેજા બેઠકના સભ્યશ્રી સરપંચ તરીકે ચૂંટાઈ આવતાં તેમણે તાલુકા પંચાયતના સભ્ય તરીકે રાજીનામુ આપતા આ બેઠકની પેટા ચૂંટણી યોજાઈ રહી છે જે ઉલ્લેખનીય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ગુનાહીત બેદરકારીનો ભાજપને જવાબ જનતા આપશે : ભરતસિંહ

૪૩ હજાર કિમીની કેનાલોનું કામ બાકી રહેતાં નુકસાન થયું

અમદાવાદ,તા. ૧૭

ભાજપ સરકારે તેના ૨૨ વર્ષોના શાસન અને સત્તા છતાં ગુજરાતમાં નર્મદા યોજનાની ૪૩ હજાર કિ.મી.ની કેનાલોનું કામ પૂર્ણ નહી કર્યું હોવાથી ગુજરાત રાજયને કલ્પી ના શકાય તેવું ગંભીર નુકસાન થયું છે. ભાજપની આ ગુનાહીત બેદરકારીનો જવાબ ગુજરાતની જનતા આગામી વિધાનસભા ચૂંટણીઓમાં આપશે એમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું.

ભરતસિંહે જણાવ્યું કે, કેનાલોનું કામ પૂર્ણ નહી કરી શકનાર ભાજપને પ્રજાના પૈસે ચૂંટણીલક્ષી તાયફાઓ કરવાનો કોઈ અધિકાર નથી. નૈતિકતા હોય તો નર્મદા રથ, સમારંભ અને તાયફાઓનો કરોડો રૂપિયાનો સંપૂર્ણ ખર્ચ ભાજપ ઉઠાવી બતાવે. તેમણે વધુમાં જણાવ્યું કે, નર્મદા યોજનાનું ૯ એકર મિલિયન ફીટ પાણી વર્ષોથી ઉપલબ્ધ હોવાછતાં ૪૩ હજાર કિ.મીની કેનાલ, માઈનોર, સબમાઈનોર, ફિલ્ડ ચેનલ બની નહી હોવાથી નર્મદાનું પાણી દરિયામાં વેડફાઈ જાય છે અને ખેડૂતોને મળતું નથી. ગુજરાતમાં ૨૨ વર્ષ સુધી સત્તામાં રહેવા છતાં નર્મદા કેનાલની ૪૩ હજાર કિલોમીટરનું કામ પૂર્ણ નહી કરી શકનાર ભાજપ ગુજરાતની પ્રજાની જાહેરમાં માફી માંગે, નહી તો આવનારી વિધાનસભાની ચૂંટણીઓમાં ગુજરાતની પ્રજા ભાજપને તેનો જવાબ આપશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com